CHIPS express
www.chipsairexp.com
chipsgnd@gmail.com
પરદેશ પાર્સલ સેવા
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦૯ | ૯ ઓક્ટોબર, ૨૦૧૯, બુધવાર; આસો સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતે પ્રથમ રાફેલ જેટ વિમાન મેળવ્યું

**ફ્રાંસના બોર્ડોક્સ એરબેઝ ઉપર આયોજિત કાર્યક્રમમાં વિમાન સુપ્રત : શક્તિમાં નોંધપાત્ર વધારો : રાજનાથસિંહનું રાફેલ યુદ્ધ વિમાન બનાવનારી કંપનીના સીઈઓ દ્વારા સ્વાગત કરાયું : ભારત માટે ઐતિહાસિક દિવસ હોવા માટેનો ધડાકો : ફ્રાંસમાં શસ્ત્રપૂજા**







પેરિસ, તા. ૮

ભારતના સંરક્ષણમંત્રી રાજનાથસિંહને આજે ફ્રાંસના પાટનગર પેરિસમાં આયોજિત ભવ્ય અને ઐતિહાસિક કાર્યક્રમમાં પ્રથમ રાફેલ ફાઈટર જેટ વિમાન સોંપી દેવામાં આવતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. રાફેલને મેળવવા માટે સંરક્ષણમંત્રી રાજનાથસિંહ પોતે વાઈસ ચીફ માર્શલ હરજીતસિંહ અરોરા સાથે ફ્રાંસના બોર્ડોક્સ સ્થિત એરબેઝ પહોંચ્યા હતા જ્યાં હેન્ડઓવર કાર્યક્રમ હેઠળ તેમને પ્રથમ રાફેલ જેટ સોંપવામાં આવ્યું હતું. બોર્ડોક્સ પહોંચ્યા બાદ રાફેલનું નિર્માણ કરનાર કંપની દસા એવિએશનના સીઈઓ એરિક ટ્રેમ્પિયર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. હેન્ડઓવર કાર્યક્રમમાં સંરક્ષણમંત્રી રાજનાથસિંહે

સંબોધન પણ કર્યું હતું. સાથે સાથે સાથે ફ્રાંસીસી પ્રમુખ જેકી સિરાજને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમનું હાલમાં જ નિધન થયું હતું. રાજનાથસિંહે કહ્યું હતું કે, તેઓ ભારત સરકાર અને દેશની પ્રજા તરફથી પ્રમુખ જેકી સિરાજને શ્રદ્ધાંજલિ આપે છે. તેઓએ ભારત અને ફ્રાંસ વચ્ચે સંબંધોને મજબૂત કરવામાં અમારા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સાથે ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું હતું કે, બંને દેશો વચ્ચે આજનો દિવસ ઐતિહાસિક છે. આજે ભારતમાં દશેરા પર્વની ઉજવણી થઈ રહી છે જેને અમે અસત્ય પર સત્યની જીત તરીકે ઉજવીએ છીએ. આજે જ વાયુસેના દિવસ પણ છે. અનેક રીતે આજનો દિવસ પ્રતિકાત્મક છે. ભારતે ફ્રાંસની સાથે ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે એક આંતર સરકારી સમજૂતિ કરી હતી. તેમને આ જોઈને ખુશી છે કે, યોગ્ય સમયે ડિલિવરી થઈ રહી છે. આનાથી ભારતીય હવાઈ દળની તાકાતમાં વધારો થશે. તેમણે ઉમેર્યું હતું કે, મોટી સંખ્યામાં વાયુ સેનાના એરમેન ફ્રાંસમાં ફલાઈંગ, મેઈન્ટેનન્સ અને લોજીસ્ટિકના ક્ષેત્રમાં ટ્રેનિંગ મેળવી રહ્યા છે. સંરક્ષણ મંત્રીએ એમ પણ કહ્યું હતું કે, અન્ય મુદ્દાઓ ઉપર પણ ફ્રાંસે જે રીતે સહકાર આપ્યો છે તે બદલ અમે ફ્રાંસનો આભાર માનીએ છીએ. બંને લોકશાહી દેશો આગળ પણ શાંતિ, પર્યાવરણ, અન્ય મુદ્દાઓ ઉપર આગળ વધશે. રાફેલમાં ઉડાણ ભરવા માટેની બાબત તેમના માટે ગર્વની વાત છે. રાફેલ મેળવી લીધા બાદ સંરક્ષણમંત્રીએ દશેરા પર થનારી પારંપરિક શસ્ત્ર પૂજા કરી હતી અને ત્યારબાદ ઉડાણ ભરી હતી. શસ્ત્રપૂજા માટે એરબેઝ પર જ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારતે આશરે ૫૯૦૦૦ કરોડ રૂપિયાના મૂલ્ય પર ૩૬ રાફેલ યુદ્ધવિમાન જેટ ખરીદવા માટે સમજૂતિ કરી હતી. ૨૦૧૬માં ફ્રાંસની સાથે આ મહાકાય સમજૂતિ કરવામાં આવી હતી. ભારતને પ્રથમ ફાઈટર જેટ રાફેલ આજે મળ્યું છે પરંતુ પ્રથમ કાફલો આગામી વર્ષે મે મહિનામાં મળશે. કારણ કે, આને રાખવા અને સંચાલન માટે જરૂરી મૂળભૂત માળખાને તૈયાર કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ રાફેલ મળી ગયા બાદ ભારતની તાકાતમાં અનેકગણો વધારો થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## તમામ ૩૬ રાફેલ યુદ્ધ વિમાન ૨૦૨૨ સુધી મળશે

યુદ્ધ વિમાન રાફેલ મેળવતા પહેલા સંરક્ષણમંત્રી રાજનાથસિંહ ફ્રાંસના પ્રમુખ મેક્રોને મળ્યા હતા. રાજનાથસિંહ બોર્ડોક્સમાં પ્રથમ રાફેલ જેટ મેળવવા પહોંચ્યા હતા જ્યાં શસ્ત્રપુજાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. રાજનાથસિંહ અને મેક્રો વચ્ચે એલ્સી પેલેસ ખાતે આશરે ૩૫ મિનિટ સુધી ચર્ચા કરી હતી. આ મિટિંગ બાદ રાજનાથસિંહ સીધા દક્ષિણ પશ્ચિમ ફ્રાંસીસી શહેર બોર્ડોક્સ પહોંચ્યા હતા જ્યાં ભારતીય વાયુસેના દ્વારા ખરીદવામાં આવેલા પ્રથમ રાફેલ યુદ્ધ જેટને સોંપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૫૯૦૦૦ કરોડ રૂપિયામાં ૩૬ રાફેલ જેટ વિમાનો ખરીદવામાં આવી રહ્યા છે. શસ્ત્રપૂજા દશેરાના હિસ્સા તરીકે હોવાથી આનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મંગળવારના દિવસે ફ્રાંસ પાસેથી આ વિમાન મેળવી લીધા બાદ ચાર વિમાનોની પ્રથમ ટુકડી આગામી વર્ષે મે મહિના સુધી ભારત પહોંચશે. તમામ ૩૬ રાફેલ જેટ વિમાન ૨૦૨૨ સુધી ભારતને મળવાની શક્યતા છે. આના માટે પાયલોટોને ટ્રેનિંગ સહિતની તૈયારીઓ પણ કરવામાં આવી ચુકી છે.



રાવણ દહન - દિલ્હી રામલીલા મેદાનમાં પ્રધાનમંત્રીએ રાવણ દહન કરી તે પ્રસંગની તસવીર... દશેરાની ઉજવણી નિમિત્તે પરંપરાગત રાવણ દહનના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તીર ચલાવી કમાન ખેંચી રાવણનું દહન કર્યું હતું... તે પૂર્વે પ્રધાનમંત્રીએ ભગવાન રામની પૂજા કરી હતી... અને ત્યારબાદ રાવણ દહન કાર્યક્રમમાં ઉમટેલ નાગરિકોને અસત્ય પર સત્યનો વિજયનો સંદેશ પાઠવ્યો હતો... વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દ્વારકા સ્થિત ડીડીએ ગ્રાઉન્ડમાં આયોજિત દશેરા કાર્યક્રમમાં ભાગ લઈને સંબોધન કર્યું હતું. સાથેસાથે તીર છોડીને રાવણના પુતળાના દહનની વિધિવત શરૂઆત કરાવી હતી. અસત્ય પર સત્યની જીતના આ તહેવાર પર મોદીએ દેશની જનતાને અપીલ કરી હતી કે, તે પોતાના અંદર રહેલા રાવણને પણ ખતમ કરવા માટે પ્રેરણા લઈને આગળ વધે તે જરૂરી છે. પોતાની અંદર રહેલા રાવણને ખતમ કરીને ઉજવણી કરાશે તો જ યોગ્ય ઉજવણી રહેશે. મહિલાઓના સન્માનની પણ મોદીએ વાત કરી હતી અને કહ્યું હતું કે, સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકીને સામૂહિક યોગદાન આપવાનો સમય આવી ગયો છે. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, ભારત ઉત્સવની ધરતી છે. વર્ષમાં કદાચ જ કોઈ એવો દિવસ રહે છે જ્યાં કોઈ તહેવારની ઉજવણી થતી નથી. ઉત્સવ અમને એકબીજા સાથે જોડે છે.

## ભારતીય સરહદમાં પાક ડ્રોન ઘુસી જતા એલર્ટ જાહેર

**પાકિસ્તાની ડ્રોને પાંચ વખત ઘુસણખોરી કરવાના પ્રયાસ કર્યા : સેના સુસજ્જ : જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોના કઠોર વલણ બાદથી પાકિસ્તાન ભારે પરેશાન ત્રાસવાદીઓને કોઇપણ કિંમતે હથિયાર આપવા માટેના હેતુથી ડ્રોનનો ઉપયોગ**

ફિરોઝપુર, તા.૮

પાકિસ્તાન તરફથી ભારતીય સરહદમાં ફરી એકવાર ડ્રોન વિમાન મોકલવાના પ્રયાસ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ભારતીય સરહદમાં પાકિસ્તાની ડ્રોન ઘુસી જતાં બીએસએફને એલર્ટ પર મુકી દઈને ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. સર્ચ ઓપરેશન વધુ તીવ્ર બનાવી દેવામાં આવ્યું છે. ભારતીય સરહદ પર આ પાકિસ્તાની ડ્રોન સોમવારે મોડી રાત્રે આશરે પાંચ વખત ઉંડાણ ભરતા નજરે પડ્યા હતા. મિડિયા રિપોર્ટ મુજબ એક વખત આ ડ્રોન ભારતીય સરહદમાં પ્રવેશી જતાં તંગદિલી વધી ગઈ હતી. જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા સંસ્થાઓના કઠોર વલણ બાદ પાકિસ્તાન હવે પોતાના ત્રાસવાદીઓને હથિયારોનો પુરવઠો ઉપલબ્ધ

કરાવવા નાના ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે. બીએસએફને એલર્ટ કરી દેવામાં આવ્યા બાદ પંજાબ પોલીસને આ સંદર્ભમાં માહિતી આપી દેવામાં આવી છે. ભારતીય સરહદ પર આ પાકિસ્તાની ડ્રોન વિમાન મોડી રાત્રે નજરે પડ્યા હતા. ભારતીય સરહદમાં પ્રવેશ કરી ગયા બાદ સુરક્ષા જવાનો સાવધાન પણ થઈ ગયા હતા. થોડાક દિવસ પહેલા ભારતીય સરહદ પર ડ્રોનની મદદથી એકે ૩૭ અને ગ્રેનેડ પણ ઉતારવામાં આવ્યા હતા. ભારતે પાકિસ્તાનમાં બાલાકોટમાં હવાઈ હુમલા કર્યા બાદ પાકિસ્તાની ત્રાસવાદી સંગઠન જૈશના આતંકવાદી કેમ્પોને નષ્ટ કરી દીધા હતા. જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા સંસ્થાઓના કઠોર વલણ બાદ પાકિસ્તાન હવે હથિયારો પહોંચાડવાના પ્રયાસમાં છે. થોડાક દિવસ પહેલા જ પંજાબ પોલીસે કહ્યું હતું કે, સરહદ પારથી જીપીએસ સંચાલિત અનેક ડ્રોન ભારતમાં ઘુસ્યા હતા. આ ડ્રોન વિમાન ૧૦ કિલોગ્રામ સુધીના વજનના સામાનને લઈને ઉંડાણ ભરી શકે છે. પંજાબ પોલીસના કહેવા મુજબ પાકિસ્તાન ભારતીય સરહદની અંદર એકે-૪૭, હેન્ડગ્રેનેડ અને પિસ્તોલો ઝીંકવા માટે ડ્રોન વિમાનનો ઉપયોગ કરી રહ્યું છે. જો કે, આ ઘટના બાદ ભારતીય સેના અને બીએસએફના જવાનો સાવધાન થઈ ગયા હતા. બે સપ્તાહ પહેલા જ સાઉદી અરબના બે મુખ્ય ઓઈલ પ્લાન્ટ પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. યમનના હુતી બળવાખોરો દ્વારા આ હુમલો કરવામાં આવ્યા બાદ તેની જવાબદારી લેવામાં આવી હતી. સાઉદી અરેબિયાએ આના માટે ઈરાનને જવાબદાર ઠેરવીને આક્ષેપો પણ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## હજુ વ્યાજદર ઘટવાના મળતા સ્પષ્ટ અણસાર

**આરબીઆઇ વ્યાજદરમાં ફરી ઘટાડો કરી શકે છે : સેશ રિપોર્ટ : પ્રોત્સાહન આપવા માટેનુ નરમ વલણ જારી રહેશે**

મુંબઈ,તા. ૮

ભારતીય રીઝર્વ બેંક હાલમાં વ્યાજદરમાં ઘટાડો કરવાનુ વલણ યથાવત રાખી છે. ભારતીય રીઝર્વ બેંક હવે ડિસેમ્બરમાં રજૂ કરવામાં આવનાર તેની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે પરંતુ ત્યારબાદ તે કાપના સિલસિલાને રોકી દેશે. બ્રોકરેજ કંપનીઓનુ કહેવુ છે કે ડિસેમ્બર મહિનામાં કેન્દ્રિય બેંક રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ફરી એકવાર ઘટાડો કરીને લોકોને રાહત આપનાર છે.

રિઝર્વે બેંકની નાણાંકીય નિતી સમીક્ષા પેનલે હાલમાં શુક્રવારના દિવસે જ વ્યાજદરમાં મોટો ઘટાડો કર્યો હતો. રિઝવ બેંકે કહ્યુ છે કે તે વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે હાલના સમયમાં નરમ વલણ જારી રાખી શકે છે. ગોલ્ડમેન સેશના રિપોર્ટમાં કહેવામા આવ્યુ છે કે આ બાબતની ખુબ સંભાવના દેખાઈ રહી છે કે રિઝર્વ બેંકની નાણાંકીય નિતી સમીક્ષા ડિસેમ્બરમાં વ્યાજદરમાં ફરી એકવાર ઘટાડો થઈ શકે છે. શુક્રવારે આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે રેપો રેટ હવે ઘટીને ૫.૧૫ ટકા થઈ ગયો હતો. આવી જ રીતે રિવર્સ રેપો રેટને ઘટાડીને ૪.૯ ટકા કરવામાં આવ્યો હતો. છ સભ્યોની કમિટી દ્વારા નાણાંકીય વર્ષ માટે જીડીપી ટાર્ગેટ સુધારીને અગાઉના ૬.૯ ટકાની સરખામણીમાં ૬.૧ ટકા કરવામાં આવ્યો હતો. તમામ અર્થશાસ્ત્રીઓ પહેલાથી જ કાપની અપેક્ષા રાખી રહ્યા હતા. ૨૦૧૬માં આની રચના કરવામાં આવ્યા બાદ મોનિટરી પોલિસી દ્વારા પાંચમી વખત વ્યાજદરમાં ઘટાડો કરાયો હતો.

## મોદી સરકાર દેશના હિતમાં કઠોર નિર્ણય કરવામાં સક્ષમ : ભાગવત

**નાગપુરમાં વિજયાદશમીના અવસરે સંઘ વડા દ્વારા સંબોધન : ૩સેનાના પરાક્રમની પણ દુનિયાએ હવે નોંધ લીધી : વિશ્વભર ભારતનુ પ્રભુત્વ વધ્યુ : મોહન ભાગવત**

નવી દિલ્હી,તા. ૮

રાષ્ટીય સ્વંયસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગગતે આજે વિજયાદશમીના પ્રસંગે હમેંશાની જેમ નાગપુરમાં આયોજિત કાર્યક્રમમાં જુદા જુદા વિષય પર વાત કરી હતી. ભાગવતે કહ્યુ હતુ કે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબુદી એક સાહસી નિર્ણય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં સતત બીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર દેશહિત અને જનભાવનાનુ સન્માન કરીને કઠોર નિર્ણય કરવામાં સંપૂર્ણપણે સક્ષમ છે. આ બાબત સરકારે કલમ ૩૭૦ની નાબુદી મારફતે દર્શાવી દીધી છે.

કલમ ૩૭૦ની નાબુદી બદલ મોદી સરકારની ભાગવતે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યુ હતુ કે હાલના સમયમાં દેશની સુરક્ષા તાકાતની સ્થિતી દુનિયાના દેશો જોઈ રહ્યા છે. અમારી સેનાની તાકાત અને તૈયારીના કારણે લોકો હવે વધારે ગર્વ અનુભવ કરી રહ્યા છે. શાસનની સુરક્ષા નીતિ પણ અસરકારક સાબિત થઈ રહી છે. અમારી સરહદ અને દેશના અન્ય ભાગોમાં આંતરિક સુરક્ષા પહેલા કરતા ખુબ સારી છે. દેશની અંદર પણ ત્રાસવાદી હિંસામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ગાંધી જયંતિ ઉત્સવ
વિશેષ વળતર
૩૧ માર્ચ ૨૦૨૦ સુધી
તા. ૨૦, ૨૭ ઓક્ટોબર રવિવારના સૌ.ર.સમિતિના તમામ ભવન - ભંડારો સવારે ૧૦ થી રાત્રીનાં ૮ સુધી ખુલ્લા રહેશે.
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ સંચાલિત
ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ વસ્ત્રાગાર તથા ખાદી સરિતા
ગુજરાત કોલેજ પ્લેગ્રાઉન્ડ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૯, ફોન : ૨૬૪૨૩૬૮૨-૨૬૫૬૩૫૪૨, ખાદી સરિતા ફોન : ૨૬૫૬૯૦૦૯
ખાદી ગ્રામોદ્યોગ ભવન : 'નવદીપ' આકાશવાણી સામે, ફોન : ૨૭૫૪૦૫૮૪
ખાદી ગ્રામોદ્યોગ ભવન : સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન : ૨૩૨૨૨૩૩૩
ખાદી ગ્રામોદ્યોગ ભવન : કિર્તીસ્થંભ પાસે, પાલનપુર. ફોન : ૦૨૭૪૨-૨૫૪૦૫૭
રસોઈ માધ્યમની તમામ ગૃહ ઉપયોગી શુદ્ધ વસ્તુઓ માટે
ગૃહલક્ષ્મી 'નવદીપ' આકાશવાળી સામે, ફોન : ૨૭૫૪૦૫૮૪
ગૃહ વસ્તુ ભંડાર સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૩૩૩
ખાદીમાં ડેનીમ જીન્સ આધુનીક રેડીમેઈડ ગારમેન્ટ
શુટીંગ-શર્ટીંગ • સાડી • ડ્રેસ મટીરીયલ
રેડીમેઈડ કપડા • નેપકીન • ચાદર
આસન • શેત્રંજી • છીંટ • ટેપેસ્ટ્રી
ગુજરાતની સુતી-ઉની-રેશમ ખાદી ઉપર 20% સુધી વળતર
પરપ્રાંત ખાદી ઉપર 10% સુધી વળતર
સૌરસ સાબુ (ISO સર્ટીફાઇડ) ન્હાવા તથા ધોવામાં ઉપયોગી
• શુધ્ધતામાં સર્વશ્રેષ્ઠ
• ચરબી રહિત
(વ્યાપારીક પુછપરછ આવકાર્ય) 079-25834770
વોશીંગ મશીન માટે પાવડર તથા લીકવીડ શોપ
હલ્દી-ચંદન, ગુલાબ અને એલોવીરાનાં ૧૦૦ ગ્રામમાં સાદા અને ગ્લીસરીનનાં ન્હાવાના સાબુ.
ખાદી અપનાવીએ - પર્યાવરણની રક્ષા કરીએ